August 2017

# પાટણ પ્રતિબિંબ

# PATAN PRATIBIMB

Year 11 • Issue 10 / 127
• Mumbai • Page 12 • Price Rs. 2/-
• RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

## શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર

ટેલિફોન : 22811346 • 22811218 • Mobile: 9167902267 • www.patanmandal.org • Email : patanmandal@gmail.com



## પ્રમુખ સ્થાનેથી...

ઉત્તર ગુજરાત - બનાસકાંઠામાં અતિવૃષ્ટિથી પ્રજાને પારાવાર નુકસાન થયું છે. આ કુદરતી આપદા સમયે અસરગ્રસ્તને મદદરૂપ થવા શ્રી પાટણ જૈન મંડળ દ્વારા ફંડ એકઠું કરી સહાયક થવાનું આયોજન વિચારેલ છે. આ કાર્યમાં આર્થિક યોગદાન આપવા હું આપ સૌને અનુરોધ કરું છું. પાટણની આપણી શાળાના કર્મચારીઓ - વાલીઓ તેમજ વિદ્યાર્થીઓએ આ મુસીબતની શરૂઆતના જ તબક્કે ત્વરીત નિર્ણય લઈ આચાર્યશ્રીની આગેવાની હેઠળ રાહત કાર્ય કર્યું તે સરાહનીય છે.

દર વર્ષે વર્ષાઋતુમાં પાટણ પાંજરાપોળમાં પુષ્કળ પ્રશ્નો ઊભા થતાં હોય છે, આ વખતની અતિવૃષ્ટિથી ત્યાં પણ નુકસાન થયેલ છે. આ વર્ષે અગાઉના અનુભવો પરથી આ પ્રશ્નોનું કાયમી નિરાકરણ લાવવા સંચાલકો કટિબદ્ધ છે અને સૌના આર્થિક સહકારની અપેક્ષા રાખે છે.

**તા. ૧૦-૯-૨૦૧૭ને દિવસે શ્રી પાટણ જૈન મંડળના અન્વયે ટ્રેડફેરનું આયોજન** થઈ રહ્યું છે, ટ્રેડફેરનો ઉદ્દેશ પાટણના પરિવારોને એકબીજા સાથે સંપર્કમાં લાવી - જરૂરિયાતોને સમજી આપણો સમાજ ધંધાકીય રીતે માહિતગાર થઈ અરસ-પરસ સંપર્ક સાધી **Patanis *for* Patanis** ના ઉદ્દેશને સાર્થક કરે તે માટેનું પ્લેટફોર્મ આપવાનો છે. આ વખતે વિશાળ જગ્યા હોવાથી ટ્રેડફેરમાં આપણે વધુ સ્ટોલધારકોને સમાવી શક્યા છીએ. ટ્રેડફેર માટે જે કાર્યકર્તાઓ મહેનત કરી રહ્યા છે તેઓનું હું અભિવાદન કરું છું અને ઈચ્છુ છું કે આપણો સમાજ ઉલ્લાસભેર ટ્રેડફેરની મુલાકાત લઈને કાર્યકર્તાઓનો ઉત્સાહ વધારે.

શ્રી પાટણ જૈન મંડળ સંચાલીત **સિદ્ધહેમ જ્ઞાનપીઠમાં ૯૦થી વધુ સાધુ-સાધ્વી** ભગવંતો તેમજ મુમુક્ષુઓ શ્રુતજ્ઞાનની આરાધના કરી રહેલ છે. **શ્રી ચંદ્રકાન્તભાઈ પંડિત તથા શ્રી રાજુભાઈ પંડિત સિદ્ધહેમ જ્ઞાનપીઠમાં સુંદર યોગદાન આપી રહ્યા છે.** આપ સૌને એ જાણી ગર્વ થશે કે સંખ્યા બંધ સાધુ-સાધ્વીજી ભગવંતો ધર્મના અભ્યાસની આવી સુંદર અનુકુળતાને લીધે ચાતુર્માસ માટે પાટણની પસંદગી કરે છે. દિન

(વધુ માટે જુઓ અનુસંધાન પાનું ૩)

## *From President's Desk...*

The current monsoon floods have devastated major parts of North Gujarat and Banaskantha. Shree Patan Jain Mandal has instituted a fund raising scheme to help the members of the devastated families. Under the guidance of Principal of our Patan School, parents and students have reached out immediately to help flood victims. I humbly request every one to donate generously for this noble cause.

Our Patan Panjarapole is also facing severe problems due to the heavy monsoons for which we request donations to bring a permanent solution to enable smooth functioning of this institution.

**Patan Jain Mandal has organized a Trade Fair on 10-9-2017.** Our object for this Trade Fair is to bond our community together and thereby achieve the maximum economic growth for all. I wish sincerely that all should visit the fair and boost the morale of the participants.

I would also like to mention that Siddhhem Gyanpeeth of **Shree Patan Jain Mandal has more than 90 Sadhus – Sadhviji's and Mumukshu and are being guided by** Shri Chandrakantbhai Pandit and Shri Rajubhai Pandit for their **"Spritual Upliftment".** Donations for this noble cause are welcome.

I request the donors to contribute to **Patan Shatabdi Gaurav Fund of Rs. 5 Lakh, 8 Lakh and 11 Lakh,** ranging over a period of three years for social, educational and medical causes of our society.

On occasion of Samvatsari, on behalf of the staff and office-bearers of Shree Patan Jain Mandal, I beg your forgiveness, if we have ever hurt your feelings by our words, deeds or actions. **Micchami Dukkadam…!**

❑ Dinesh Shantilal Shah

# શ્રી પાટણ જૈન મંડળ

આયોજીત

COME ONE
COME ALL

DO NOT MISS THIS OPPORTUNITY

## 3rd TRADE FAIR EXHIBITION

**પટણીઓના ઉત્કર્ષ માટેનું નક્કર આયોજન**

**રવિવાર તા. ૧૦-૯-૨૦૧૭, સમય : સવારે ૧૦ થી ૭ કલાકે**

**સ્થળ : સહારા સ્ટાર, વિલેપાર્લા (ઈ).**

આ પ્રસંગ આપણો જ છે અને આપણા સભ્યોએ જ તેમા ભાગ લીધેલ છે.
આપની હાજરીથી સ્ટોલ ધારકોનો આત્મવિશ્વાસ વધશે, શક્તિ મળશે,
તો ચાલો સૌ પરિવારજનો સાથે ટ્રેડફેરમાં જઈ તેને સફળ બનાવીએ.

**અન્ય સ્ટોલ ધારકોની સાથોસાથ સંસ્થાના સ્ટોલોની પણ મુલાકાત લઈએ.**

નોંધ : વેલે પાર્કીંગની વ્યવસ્થા રાખેલ છે.

SOMIRA PATAN Premier League PPL

## PATAN PREMIER LEAGUE CRICKET TOURNAMENT

*Sponsored by :*

# *Somira Diam*

*by Sonal Sandeep Shah and Kaushal Janak Shah*

*www.somiradiam.com*

*Co-Sponsored by :*

## Shri Mukeshbhai Chimanlal Patani

શ્રી પાટણ જૈન મંડળ સ્પોર્ટસ કમિટી દ્વારા **સોમીરા પાટણ પ્રિમીયર લીગનું** આયોજન **જાન્યુઆરી-ફેબ્રુઆરી ૨૦૧૮માં** કરવામાં આવેલ છે. સમાજના જે ક્રિકેટ ખેલાડીઓને આ ટુર્નામેન્ટમાં રમવું હોય તેમને ઓનલાઈન ફોર્મ ભરવાનું રહેશે. **તા. ૨૦-૯-૨૦૧૭** સુધીમાં ઓન લાઈન ફોર્મ ભરીને રજિસ્ટર **ફીના રૂા. ૧૦૦૦/- તેમજ રીફંડેબલ ડિપોઝીટ રૂા. ૧૫૦૦/- (ટોટલ રૂા. ૨૫૦૦/-) મંડળની ઓફિસમાં પોતાના ફોટા સાથે** ભરવાના રહેશે. શ્રી પાટણ જૈન મંડળના તા. ૧૦-૯-૨૦૧૭ યોજાયેલ ટ્રેડફેરમાં પણ રકમ તેમજ ફોટા **'પાટણ પ્રિમીયર લીગ'ના** સ્ટોલ ખાતે લેવામાં આવશે.

Shree Patan Jain Mandal Sports Commitee has announced the **Somira Patan Premier League** to be held in **Jan / Feb 2018.** The last date for the registration of the players is on **20th Sept. 2017.** Those who have registered online but have yet to make the payment of **Rs. 1000/- and refundable deposit of Rs. 1500/- (Total 2500/-) are requested to do so in the Mandal's Office** before 20th Sept. 2017 with their Photographs. The payment and the photographs shall be accepted even in PJM's Trade Fair on 10th Sept.

Last date for Registration & Submission for players online 20th Sept. 2017.

**MARINE DRIVE** : HO, 77, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai 400020, Phone: 22811346
**GOREGAON** : Roopam, 152 Jawahar Nagar, Goregaon (W) Mumbai 400062, Phone: 28776090
**BORIVALI** : A-23/1, Ratan nagar, D. N Dube Marg, Borivali (E), Mumbai 400068, Phone: 28911308

Scan this code for online submission

**Visit Stall No. 140 at Trade Fair**

**For if any queries please contact**

**Kamleshbhai Shah** 9820045595
**Punit Shah** 9821734331
**Bhavesh Shah** 9820838667

### પ્રમુખસ્થાનેથી... (અનુસંધાન પૃષ્ઠ પહેલાથી ચાલુ)

પ્રતિદિન વધતા જતા ખર્ચને પહોંચીવળવા આપ સિદ્ધહેમ જ્ઞાનપીઠમાં દાન આપો તો તે આવકાર્ય રહેશે.

શ્રી પાટણ જૈન મંડળ **શતાબ્દી ગૌરવ ફંડની રૂા. પાંચ લાખ, આઠ લાખ તથા અગિયાર લાખની ત્રી-વાર્ષિક યોજનામાં આપનો ફાળો** લખાવી મંડળની **સામાજીક તેમજ શૈક્ષણિક યોજનાઓ સાકાર કરવા સહભાગી થશો એવી નમ્ર વિનંતી છે. પ્રતિબિંબનો આ અંક આપને પ્રાપ્ત થશે ત્યારે પર્વાધિરાજ પર્યુષણ પર્વની પૂર્ણાહુતી થઈ હશે.** આ પર્વનો સાર એક જ શબ્દમાં કહેવો હોય તો તે છે 'ક્ષમાપના'.

મારાથી કે શ્રી પાટણ જૈન મંડળના સાથી કાર્યકરો તથા સ્ટાફ દ્વારા જાણતા અજાણતા આપને ઠેસ પહોંચી હોય તો ક્ષમા યાચુ છું

**મિચ્છામિ દુક્કડમ્... !**

❑ **દિનેશ શાંતિલાલ શાહ**

## જીવદયા - પશુ સારવાર કેમ્પ

પાટણ મુકામે છેલ્લા ૭ વર્ષથી દર વર્ષે **માતુશ્રી સોમીબેન બાલુભાઈ કરમચંદ શાહ પરિવાર તરફથી નિઃશુલ્ક પશુ સારવાર કેમ્પનું** આયોજન થાય છે. આ વર્ષે **તા. ૧૦-૯-૨૦૧૭ના રવિવારે પાટણ મુકામે** આઠમાં પશુ સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પમાં ડૉક્ટરો, સર્જનો તેમજ અન્ય સ્ટાફ મળી અંદાજે ૧૦૦ વ્યક્તિઓ આવે છે. **પ્રસ્તુત કેમ્પમાં ગાયનેક, તણસ, કેન્સર તેમજ અન્ય ઘણી જાતના ઓપરેશનો નિઃશુલ્ક કરવામાં આવે છે.** જેને કારણે અબોલ જીવો યાતના સહન કરતા હોય છે, તેમને ઘણીજ રાહત થાય છે. ઊંટને ખરજવાનો રોગ થવાથી તાવ આવે ત્યારે તેને ઈન્જેકશન ન આપીએ તો તે ૪/૬ મહિનામાં મરણ પામે છે. આ ઈન્જેક્શન આપવાથી ઊંટને ૨/૩ વર્ષનું નવજીવન મળે છે. આ કેમ્પ નિહાળવાનો જાત અનુભવ જીવદયા પ્રત્યેની તમારી દ્રષ્ટિને નવો રાહ ચીંધશે.

# વૈયાવચ્ચને જીવનનું લક્ષ્ય બનાવનાર ભાવિના ભગવાન...

ચાતુર્માસ કલ્પના દિવસો આવી ગયા છે. આઠ જુલાઈના ચોમાસી પાખી પર્વ હતું. આજકાલ સેવાનો ટ્રેન્ડ વધી રહ્યો છે, પરંતુ પ્રભુ મહાવીરસ્વામીએ 'વૈયાવચ્ચ' શબ્દ વડે મહત્તા દર્શાવી છે કે, અગ્લાન ભાવે કોઈપણ જાતની ઈચ્છા, સ્પૃહા, માન-સન્માનની આશા વગર કરવામાં આવે તે વૈયાવચ્ચ છે.

બાહુબલીમુનિએ પૂર્વભવમાં ૫૦૦ સાધુઓની વૈયાવચ્ચ કરી હતી. અફાટ, અમાપ, અતુલ શક્તિના સ્વામી બન્યા હતા. નંદિષેણમુનિની વૈયાવચ્ચ ગ્રંથોમાં ઝળકી રહી છે.

પંચમહાવ્રતધારી સાધુ-સાધ્વીજીઓ ચાતુર્માસ પધારે ત્યારથી સંકલ્પ કરો કે, મારે વૈયાવચ્ચ કરીને કર્મ ખપાવવાં છે. શ્રાવક - શ્રાવિકાઓને શાતા પહોંચાડવી, ઉપયોગી બનવું તે પણ વૈયાવચ્ચ જ છે. વૈયાવચ્ચ માટે સત્તા કે પદની જરૂર નથી.

સાધુ-સાધ્વીજીઓના સંયમમાં સહાયક બનવા માટે સમયસર અશનાદિક વહોરાવવા, દર્શન, વંદન કરી સુખશાતા પૂછવી, પર્યુપાસના કરવી, જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપના ગુણની વૃદ્ધિ થાય તેમાં સહાયક બનવું.

સંઘના રસોડા વગેરેમાં ચોખ્ખાઈ તેમજ સાધુ-સાધ્વીજીઓના ઉપાશ્રય તેમજ સ્થાનકોમાં સ્વચ્છતા રાખવામાં સહાયક બનવું, ધર્મસ્થાનક આસપાસ લીલ-ફુગ-શેવાળ ન થાય તેના માટે ધ્યાન રાખવું, સાધર્મિકોને સહાયરૂપ બનવું અને તેની પાસે કાર્ય કરાવવામાં નિમિત્તભૂત બનવું તે પણ વૈયાવચ્ચ જ છે. જે વિધવા કે વિધુર કે અસહાય હોય તેવા લોકોને ઉપયોગી બનવું વૈયાવચ્ચ જ છે.

**આજકાલ અનેક મંડળ, પરિવાર વૈયાવચ્ચ કરે છે. તેઓની વસ્તુઓનો દુરુપયોગ ન થાય અને બિનજરૂરી સંગ્રહ ન થાય તેની કાળજી રાખવી જરૂરી છે.**

**પૂ. શ્રી ધીરજમુનિ મ.સા.**


## શ્રી પાટણ પાંજરાપોળ સંચાલિત

**શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ પશુ આશ્રય સંકુલ (ખલીપુર)**

આઝાદ ચોક, પીંપળાશેરી, પાટણ (ઉ.ગુ.) - ૩૮૪૨૬૫ - ફોન (૦૨૭૬૬)૨૨૦૨૦૩

Visit Stall No. 142 at Trade Fair

### જુલાઈ માસ દરમ્યાન રૂા. ૧૦,૦૦૦/- થી વધુ દાન આપનાર પૂણ્યશાળીઓ

તેમની યાદી સાભાર પ્રગટ કરવામાં આવે છે સાથોસાથ તેઓ સર્વે પ્રતિ આભાર માનવામાં આવે છે.

| | |
|---|---|
| બાબુ અમીચંદજી પનાલાલ આદેશ્વરજી જૈન ટેમ્પલ ચેરીટેબલ ટ્રસ્ટ (વાલકેશ્વર) | રૂા. ૫,૦૦,૦૦૦ |
| મે. પેક પ્રીન્ટ ઈન્ડસ્ટ્રીઝ (હસમુખલાલ મહાસુખલાલ શાહ) | રૂા. ૧,૧૦,૦૦૦ |
| શ્રી તુષારભાઈ જીતેન્દ્રભાઈ શાહ પરિવાર | રૂા. ૯૭,૭૫૦ |
| શ્રીમતી રેણુકાબેન રજનિકાંત મણીલાલ શાહ | રૂા. ૬૫,૦૦૦ |
| શ્રીમતી સોનલબેન રાજેન્દ્ર કોઠારી (વાલકેશ્વર) | રૂા. ૫૦,૦૦૦ |
| શ્રી મનીષભાઈ શાહ તથા પરિવાર | રૂા. ૫૦,૦૦૦ |
| શ્રી સુનિલભાઈ પી. શાહ (મૃદુલાબેન બી. શાહ) | રૂા. ૫૫,૦૦૦ |
| શ્રી સંધ્યાબેન નયનભાઈ ગાયકવાડ | રૂા. ૪૨,૫૦૦ |
| મે. નિહાલચંદ લલ્લુચંદ પ્રા.લિ. (રાજેશ હિંમતલાલ) | રૂા. ૩૧,૦૦૦ |

| | |
|---|---|
| શ્રી ગીરનાર ચિત્રકુદાદિ તિર્થોધારક સંઘ (ભીવંડી) | રૂા. ૩૧,૦૦૦ |
| શ્રી શિલ્પાબેન પ્રકાશભાઈ શાહ | રૂા. ૩૧,૦૦૦ |
| શ્રી હસમુખભાઈ મહાસુખલાલ શાહ પરિવાર | રૂા. ૩૧,૦૦૦ |
| શ્રી ઋષભદેવ ચેરીટેબલ ટ્રસ્ટ (મુંબઈ) | રૂા. ૧૫,૦૦૦ |
| શ્રી ઋષભદેવજી જૈન ટેમ્પલ ટ્રસ્ટ (ચેમ્બુર) | રૂા. ૧૪,૦૦૦ |
| શ્રી બિપીનચંદ્ર લાભચંદ શાહ (ગોરેગામ) | રૂા. ૧૧,૦૦૦ |
| શ્રીમતી પલ્લવીબેન અમીતભાઈ શાહ | રૂા. ૧૧,૦૦૦ |
| શ્રી પ્રવીણચંદ્ર મણીલાલ શાહ | રૂા. ૧૧,૦૦૦ |
| શ્રીમતી સોનલબેન હીતેનભાઈ ઝવેરી | રૂા. ૧૧,૦૦૦ |
| શ્રી પૌલીનભાઈ શાહ (ગોરેગામ) | રૂા. ૧૧,૦૦૦ |

ADVT

## તંત્રી સ્થાનેથી...

# ક્ષમાપના

'જીવો અને જીવવા દો'ના જૈન તત્ત્વજ્ઞાનનું મહત્ત્વ પર્યુષણ પર્વ દરમ્યાન સર્વોચ્ચ હોય છે. ક્ષમાનું આ પર્વમાં આગવું મહત્વ છે. ઉપવાસ દ્વારા તન, મન અને આત્માની શુદ્ધતાનો આશય છે. તો મન, કર્મ, કાયા અને વચન દ્વારા થયેલી હિંસાની ક્ષમા માંગવાની સાથે ફરી આવું નહીં થાય એવો દ્રઢ સંકલ્પ આ પર્વનો આત્મા છે.

આખા વર્ષના ખરાબ કર્મોના ચોપાડાની ઉધાર બાજુને તપ વડે કોરી કરી નાખ્યા બાદ એ કોરી જ રહે એ પર્યુષણનો મૂળ આશય છે. પણ સામાન્યપણે જોવા મળે છે કે તપ દ્વારા શુદ્ધ થયેલા તન, ગુરુદેવના સારા શબ્દોથી પવિત્ર થયેલા મન અને ક્ષમાયાચના કરીને પાવન થયેલા આત્માને એ પછીના બીજા જ દિવસથી વિવિધ કાટ ચઢવા માંડે છે. ખરી ઉજવણી એ છે, જેમાં મનુષ્ય આ બધાથી દૂર થવાનો સંકલ્પ કરે. પણ મનુષ્ય આખરે મનુષ્ય છે, સારી બાબત તેના પર અસર કરે છે અને પછી ભુલાઈ જાય છે. આથી વર્ષભરમાં જાણતાં અજાણતાં ખોટું કામ થઈ જાય છે. ગુરુભગવંતોની શીખ, ખાન-પાનના નિયમોની નિયમિતતા અને ખોટું ન કરવાની તીવ્ર ઈચ્છા પર અનેક આવરણો ચઢી જાય છે. એટલે દર વર્ષે પર્યુષણ આવે છે. દિવાળી પૂર્વે જેમ ઘરની સાફ સફાઈ કરીએ છીએ તેમ આ પર્વ મનમાં બાઝી ગયેલા જાળાની સફાઈનું કામ કરે છે.

પર્યુષણની સંધિ તોડવાથી તેના અનેક અર્થ થાય છે. પરિ અને ઉષણ એમ સંધિવિચ્છેદ કરો તો તમામ પ્રકારનાં કર્મોનું દહન એવો અર્થ થાય છે. કર્મોના આ દહન માટે વિવિધ પ્રકારના તપ પર્વાધિરાજના દિવસો દરમ્યાન કરવામાં આવે છે. ઉષણ શબ્દનો બીજો એક અર્થ થાય છે - પોતાના આત્માની નિકટ રહેવું, તમામ દિશાઓમાંથી. આ દિવસોમાં બધી બાજુથી સારા વિચારો મળવા જોઈએ. પરિ-ઉપશમન અર્થાત આપણા લોભ, મોહ, માયા, રાગ દ્વેષ જેવી બાબતોને દબાવવા કે દૂર કરવા. માણસ આ ષડ્‌રિપુથી મુક્ત થાય તો જ એ ક્ષમા માગવાને પાત્ર બને છે.

**ખમેમિ સવ્વે જીવ, સવ્વે જીવ ખમંતુમિ**
**મિત્તિ મે સવ્વા ભૂએષુ, વેરમ મજ્જઈ ના કેનાની**

અર્થાત્ : હું બ્રહ્માંડના દરેક સજીવને ક્ષમા કરું છું, અને દરેક સજીવ મને મારી ભૂલ માટે ક્ષમા કરે. મારે કોઈનીય માટે શત્રુતા નથી, તથા બધા સજીવો માટે મારી મિત્રતા છે.

સમગ્ર વર્ષ દરમ્યાન જાણતા કે અજાણતા મન-વચન-કાયાના યોગે આપનું હૃદય દુભાવેલ હોય તો સંપાદક સમિતિ સર્વેને મિચ્છામિ દુક્કડમ કહે છે.

## પાટણ પ્રતિબિંબનું ૩૯માં વર્ષમાં પદાર્પણ

૧૯૭૯ની ૧૫મી ઑગસ્ટે સૌ પ્રથમ પ્રકાશીત થયેલ આપણા સમાજનું મુખપત્ર 'પ્રતિબિંબ' કે જેણે આજે ૩૮ વર્ષ પૂર્ણ થયા અને ૩૯માં વર્ષમાં પદાર્પણ કરેલ છે, ત્યારે જન્મોત્સવના વધામણા આપતા આનંદ અનુભવાય છે.

પાટણ પ્રતિબિંબના માધ્યમે સમાજના લેખક મિત્રો દ્વારા કવિતા કે લેખના સ્વરૂપે થયેલ સાહિત્ય સર્જનનું પ્રકાશન કરવામાં આવે છે, જેમાંથી પ્રતિવર્ષ ત્રણ ઉત્તમ કૃતિઓને **શ્રી નેમચંદ જેશીંગલાલ શાહ (ગુંદરવાલા) સાહિત્ય પારિતોષિક** એનાયત કરી બિરાદવવામાં આવે છે. પર્યુષણ દરમ્યાન થયેલ નાની-મોટી તપશ્ચર્યાની વિગતો તેમજ એસ.એસ.સી. કે તેથી વધુ ડીગ્રી ડીપ્લોમા કોર્ષમાં સારા ગુણાંક મેળવી ઊર્તિણ થયેલ વિદ્યાર્થી મિત્રોની નામાવલી પ્રકાશિત કરવામાં આવે છે. સંસ્થા સમાચારમાં મહોલ્લાના ઉત્સવો કે મિત્રમંડળ દ્વારા યોજાયેલ કાર્યક્રમનો ટૂંકમાં સાર પ્રસારીત કરાય છે. આ ઉપરાંત સમાજમાં સિદ્ધિ મેળવનાર સદસ્યોની યશગાથા પણ પ્રકાશિત કરવામાં આવે છે. મંડળમાં નાની મોટી રકમના દાન આપનાર દાતાઓની નામાવલી તેમજ મંડળ દ્વારા થયેલ વિવિધ કાર્યક્રમોના અહેવાલ અને ફોટાઓ સાથે છાપવામાં આવે છે, જેને સમાજ તરફથી સુંદર આવકાર પ્રદાન થાય છે.

લગભગ ચાર દાયકાની સફરની પૂર્ણાહુતીએ ઊભેલું આપણું આ મુખપત્ર હજુ વધુ ફુલે-વિકસે અને સમાજમાં તેની સૌરભ પાથરે તેવી શુભેચ્છા.

❑ **સંપાદક સમિતિ**

## વાચકનો પત્ર...

સહુ પ્રથમ તો અભિનંદન આપવા છે, શ્રી પાટણ જૈન મંડળને જેણે સાડા ત્રણ દાયકા પહેલાં સમાજનું મુખપત્ર 'પ્રતિબિંબ' શરૂ કરી સતત સમાજની સાથે રહેવાનું એક ડગલું ભર્યું. ત્યારબાદ અભિનંદન આપવા છે, સંપાદક સમિતિને જેણે સમાચારોની સાથે સાથે સાહિત્યને પણ સ્થાન આપ્યું.

કાળની સાથે બદલાવવું પડે છે તે ઉક્તિને સાર્થક કરતા પાટણ પ્રતિબિંબે પણ નવા વાઘા ધારણ કર્યા છે, હવે તે રંગીન અને આકર્ષક પણ લાગે છે.

પ્રતિબિંબમાં વરસો પહેલા પ્રવીણભાઈ, પલ્લવીબેન, લલીતભાઈ વગેરેના સમાજલક્ષી લેખો આવતા તેને સૌ બિરદાવ્યા. ઊર્વી, પ્રભાબેન, ઉર્મિલાબેન, સુરેશભાઈ ચૌધરી દરેકનાં લેખોથી ખુબ જાણકારી મળતી. જ્ઞાનેશભાઈ જે પાટણના ના હોવા છતાં સુંદર કવિતાઓ અને લેખો આપે છે, જેના શિર્ષક પણ એટલાં જ સચોટ હોય કે તેમની લેખનકળાએ સાબિત કરી દીધું છે કે સાહિત્યને કોઈ સીમાડા હોતા નથી.

સાહિલ, વિરલ જેવા કેટલાંક યુવાનો હવે અંગ્રેજીમાં પણ પોતાની કલમનો પરિચય આપી રહ્યા છે, જે અનુકરણીય છે.

શ્રીમતી ચંદ્રાબેન, શ્રીમતી ભારતીબેન, શ્રી મહેન્દ્રભાઈ નેમચંદ, શ્રી ચંદ્રવદનભાઈ વિગેરે તંત્રીઓને કેમ ભુલાય. દરેકના તંત્રીલેખ ''પ્રતિબિંબ'નું સાચું 'પ્રતિબિંબ' રજૂ કરવાને સમર્થ હોય છે.

'પ્રતિબિંબ' આમ જ સફળતાને શિખરે બિરાજે ને અમારા જેવા સમાજના સહુને પાટણ જૈન મંડળ સાથે જોડી રાખે તેવી શુભેચ્છા.

❑ **શ્રીમતી શીલા દિવ્યેશ શાહ** (બોરીવલી)

# શ્રી પાટણ જૈન મંડળ : વાર્ષિક પારિતોષિક વિતરણ સમારોહ

એસ.એસ.સી., એચ.એસ.સી., કૉલેજ લેવલ, ડિગ્રી ડિપ્લોમાં કોર્સ તેમજ અનેક શૈક્ષણિક ક્ષેત્રોમાંથી સમાજના વિદ્યાર્થી ભાઈ-બહેનો તેમની વાર્ષિક પરીક્ષામાં ઉચ્ચ સ્તરના ગુણાંક મેળવીને ગૌરવપ્રદ સિદ્ધિ હાંસલ કરી છે તેમને મંડળ તરફથી પારિતોષિક તથા મેરિટ સર્ટિફિકેટ એનાયત કરી દર વર્ષે અભિવાદન કરવામાં આવે છે, તેમ જ વર્ષ દરમ્યાન **'પાટણ પ્રતિબિંબ'માં** પ્રકાશિત થયેલી કૃતિઓમાંથી પસંદગી પામેલ શ્રેષ્ઠ કૃતિઓના લેખક ભાઈ-બહેનોનું **શ્રી નેમચંદ જેશંગલાલ શાહ (ગુંદરવાલા) સાહિત્ય પારિતોષિક** એનાયત કરી અભિવાદન કરવા માટેના સમારંભનું આયોજન કરાયેલ છે.

**આ પારિતષિક વિતરણ સમારોહની તારીખ આવતા અંકમાં જાહેર કરાશે.**

આ સમારંભમાં ઘણા વિદ્યાર્થીઓએ ઈનામ મેળવવા અંગેનું ફોર્મ ભરેલ છે, છતાં કોઈક વિદ્યાર્થીનું ફોર્મ ભરવાનું રહી ગયેલ હોય તો, તેવા વિદ્યાર્થીઓએ ઉપરોક્ત **અભ્યાસક્રમ અંગેના છેલ્લી વાર્ષિક પરીક્ષાના પરિણામની ઝેરોક્ષ નકલ સાથે ફોર્મ ભરીને તા. ૩૦-૦૯-૨૦૧૭ સુધીમાં મંડળના મુખ્ય કાર્યાલયમાં મોકલાવી આપવું.**

# પોસ્ટ ગ્રેજ્યુએટ મેરીટ સ્કોલરશીપ

**શ્રી પાટણ જૈન મંડળ તથા શ્રી કેશવલાલ કીલાચંદ ચેરીટેબલ ટ્રસ્ટ** દ્વારા સંયુક્તપણે પ્રતિવર્ષ પોસ્ટ ગ્રેજ્યએશનનો અભ્યાસ કરનાર પ્રતિભાશાળી / તેજસ્વી વિદ્યાર્થી ભાઈ-બહેનોને તેમની **શૈક્ષણિક ગુણવત્તાના ધોરણે વાર્ષિક રૂા. ૧૦,૦૦૦/-** (અંકે રૂપિયા દસ હજાર)ની એક એવી બે પોસ્ટ ગ્રેજ્યુએટ મેરીટ સ્કોલરશીપ આપવામાં આવે છે.

**પ્રસ્તુત સ્કોલરશીપ માટે વિદ્યાર્થીઓની શૈક્ષણિક ક્ષેત્રની તેજસ્વીતાને જ પ્રાધાન્ય અપાય છે, જેની ખાસ નોંધ લેવી.**

તદ્‌અનુસાર બિઝનેશ મેનેજમેન્ટ, મેડીકલ સાયન્સ, કૉમ્પ્યુટર એન્જિનિયરીંગ, આઈએએસ અથવા ડૉક્ટરેટ પી.એચ.ડી. (કોઈપણ વિષય) તેમજ આવા પ્રકારના ઉચ્ચ કક્ષાના પોસ્ટ ગ્રેજ્યુએશન કોર્ષમાં ઉત્તિર્ણ થયેલા વિદ્યાર્થી ભાઈ-બહેનોને મેરીટ સ્કોલરશીપ આપવા અંગેના અરજી પત્રકો મંગાવવામાં આવે છે.

આ અંગેનું ફોર્મ મંડળના કાર્યાલયમાંથી મેળવી સંપૂર્ણ વિગતો સહ ભરીને **તા. ૩૦-૦૯-૨૦૧૭ સુધીમાં પરત મોકલાવી આપવા વિનંતી છે.**

❑ **શિક્ષણ સમિતિ**


## PATAN CO-OPERATIVE BANK LTD.

RASIK NIWAS, PATAN JAIN MANDAL MARG,
MARINE DRIVE, MUMBAI – 400 020.
TEL : 2281 5290 / 2281 7444 / 2281 9403 • FAX : 2281 6513.
Email ID : patanbank@yahoo.co.in

## NOTICE TO MEMBERS

NOTICE IS HEREBY GIVEN THAT THE 36TH ANNUAL GENERAL MEETING OF THE MEMBERS OF **PATAN CO-OPERATIVE BANK LTD** WILL BE HELD ON **FRIDAY, THE 8th SEPTEMBER 2017 AT 3.00 P.M. AT** TARABAI HALL, BEHIND PARSEE GYMKHANA, MARINE DRIVE, MUMBAI 400 002 TO TRANSACT THE FOLLOWING BUSINESS:

1. To read and confirm minutes of the 35th Annual Meeting held on 17th September 2016.
2. To consider and approve the following proposals :-
   i. Annual Report for the year 2016-17.
   ii. Profit and Loss account for the year ended on 31st March 2017;
   iii. Balance-sheet as on 31st March 2017;
3. To receive and adopt the report of Statutory Auditor – M/s Vaishampayan & Padhye for the financial year 2016-17; alongwith notes to accounts.
4. To approve appropriations of net profit and declare dividend for the year ended 31st March 2017, as proposed by Board of Directors;
5. To approve the Annual Budget for the year 2017-18;
6. To appoint Internal/Concurrent Auditor and Statutory Auditor for the year 2017-18 and authorize Board to fix its remuneration;
7. To grant leave of absence to the members of the Bank.
8. To consider the settlement of NPA account of M/s. Adarsha Steel Corporation.
9. Any other business that may be brought forward with the permission of the Chair.

**# Dividend will be payable only through standing instruction (account with our Bank) or ECS (account with other Bank).**

**# No physical dividend warrant will be issued.**

**# The members are requested to submit standing instructions or ECS mandate at the earliest.**

Date : 21st August 2017.

**By order of the Board of Directors**
**Sd/-**
**Dilip N. Kanhere**
**Chief Executive Officer.**

**APPEAL TO MEMBERS :**

1. Members desire to receive annual report copy are requested to contact any of branch or provide your email I.D. for receiving the annual report by e-mail.
2. This notice should be treated as notice to individual member.
3. Adjourned Annual General Meeting for want of quorum, if necessary, will be held on the same date and place after half an hour of the notified time of such meeting.
4. Members desiring to offer any suggestion at the Annual General Meeting or ask any question pertaining to the annual report and accounts are requested to write to the Bank at least 7 days before meeting date i.e. on or before 1st September 2017.
5. Members are requested to intimate any change in name of nominee, office and residential address, status etc. so as to keep our records up to date.
6. Members are requested to collect their dividend for the previous three years, if not collected, to avoid its forfeiture.

Advt

# પત્રનો પમરાટ

પ્રતિ,

**સિદ્ધશિલા આવાસ**

અપપાપુરી રાજમાર્ગ,

મોક્ષનગરી - ૦૦૦૧૦૮

હે મારા પરમતારક, પરમારાધ્ય, જગદ્દુદ્ધારક, અનંતોપકારી, અનંતજ્ઞાની, સર્વ દોષ રહિત, સર્વ ગુણ સંપન્ન, પરોપકારી, પરાર્થવ્યસની ચરમ તીર્થપતિ વહાલા મહાવીરપ્રભુ... !

**હે વીર ! મુજમાં તમારા વચન પુષ્પ બિછાવજો,**
**સુવિચાર સૌરભ મુજ મનનાં, અનવરત ફેલાવજો,**
**હે વીર ! થઈ સૌન્દર્ય, આંતરચક્ષુ મુજ છલકાવજો,**
**હે વીર ! કરુણાનીર અનરાધાર થઈ વરસાવજો.**

સાગરમાં પડી ગયેલું રત્ન જેમ મળવું મુશ્કેલ છે તે જ રીતે સંસાર સાગરમાં મનુષ્યપણું દુર્લભ છે. તેને પામીને ધર્મ પુરુષાર્થ સાધવા દ્વારા સિદ્ધિગતિની પ્રાપ્તિ કરવી છે. વર્તમાન ધર્મશાસન પ્રભુ શ્રી મહાવીરદેવે પ્રકાશ્યુ છે, માટે આજે શ્રી મહાવીર પ્રભુને પત્ર લખીને હૃદયનાં બે બોલ કહેતાં મુજ અંતરઆકાશની ઊર્મિઓ વિશેષ ઉલ્લાસિત બનેલ છે.

હે પ્રભુ, આપ તો વીતરાગ છો, જ્યારે અમને તો કોઈ અમારા માટે રાગ કરે તે ગમે છે. 'રાગ તે આગ છે' તે સમજાતું જ નથી. આરાધના કરવા છતાં આરાધક ભાવ જ જીવંત નથી. હું ઉપવાસ કરી લઉં, આપના નામની માળા ગણી લઉ પણ મારા ભાવનું ક્યાં ઠેકાણું છે ? સ્વાર્થના આટાપાટામાંથી બહાર ન નીકળનાર પરાર્થકરણની પરાકાષ્ઠાએ ક્યાંથી પહોંચી શકે ? આપ વિના અમારો આધાર કોણ ?

આપનું ચરિત્ર વારંવાર વાંચવાનું મન થાય છે કેમ કે જીવન જીવવાની કળા જાણવા મળે તેવી એ ઘટનાઓ છે. પ્રભુ વીર, આપનો આંતિમ ભવ એટલે કર્મની સામે આર-પાર લડાઈનો ભવ... !

બાલ્યકાળ, શાળાગમન, યુવાવસ્થામાં પાણિગ્રહણ... આદિ બધું જ કર્મની સામેની લડાઈ છે. બાલ્યકાળની કુતૂહલવૃત્તિથી મુક્ત, નિર્મળ સમ્યક્‌બી, ત્રણ ત્રણ જ્ઞાનને ધરનારા અને જ્ઞાનગર્ભિત વૈરાગ્યના સ્વામી એટલે જ મારા મહાવીર સ્વામી ! સંસારમાં વસવા છતાંય આપનો સંસારથી નખશિખ નિર્લેપભાવ કયા શબ્દોમાં વર્ણવી શકાય ? આપે દીક્ષાનાં સ્વીકાર પછી સમિતિ - ગુપ્તિમય અપ્રમત્ત સાધના તપોમય સંયમ રૂપે કરી છે. આપને ક્યાંય પ્રતિબંધ - લાગણી નથી, પોતાના ધૈર્યની આપે છે ત્રણે લોકનાં જનસમૂહને જીતેલ છે.

શાસ્ત્રોનાં પૃષ્ઠો ઉપર અંકિત આપની જીવન આરાધના અને અંતિમ આરાધનાને આદર્શરૂપ બનાવીને હવે મારે પણ સ્વાર્થ પરાયણતામાંથી પરાર્થપરાયણ બનવાનો અભ્યાસ ચાલુ કરવો છે. મારી ભીતરમાં દોષોનાં દરિયાને સુંદર ગુણોનું સરોવર બનાવવું છે. અનાદિ સંસ્કારોની સામે કરડી નજર કરીને કાયા પ્રત્યે કઠોર બનીને, કર્મ ઉપર ક્રૂર બનીને તથા જીવમાત્ર ઉપર કરૂણાવાળા બનવું છે. હવેથી મોહરાજાની આજ્ઞાને ત્યાગીને આપની આજ્ઞા આરાધીને જીવવાની મહેનત કરવી જ છે... !

હે પ્રભુ, આજે આપનાં ચરણો ચૂમી વિનંતી કરું છું કે...

આપશ્રી મુજ પામરને આલોકમાંથી પરલોકમાં ખેંચી જાઓ,

દેહ ઉપરથી આત્મા સુધી ખેંચી જાઓ,

સ્વાર્થભાવમાંથી પરાર્થભાવમાં ખેંચી જાઓ... એ જ એકમાત્ર અભિલાષા... !

**લિ. આપનો સેવક**

❑ ઊર્વી ઝવેરી


**રવિવાર, તા. ૧૦-૯-૨૦૧૭ - સહારા સ્ટાર**
**પાટણ ટ્રેડફેરમાં પધારો ત્યારે અવશ્ય મુલાકાત લેશો.**
**શ્રી પાટણ જૈન મંડળ સ્ટોલ નં. ૪ • ડિજિટલ મેચ મેકીંગ સ્ટોલ નં. ૧૩૯**
**શ્રી ભો.દો.સા. વિદ્યાલય સ્ટોલ નં. ૧૪૩**
**પાટણ પ્રિમીયર લીગ સ્ટોલ નં. ૧૪૦**



**ફુલ ફર્નીચર સાથે ત્રણ માળનું મકાન વેચવાનું છે,**
**જૈન દેરાસરની બાજુમાં.**
**મળો : શાહ રમણિકલાલ પુનમચંદ**
**ખેજડાનો પાડો, ઘીવટો,**
**પાટણ (ઉ.ગુ.), પીન. ૩૮૪૨૬૫**
ADVT
**ફોન નં.02766-221836 મો.9979448813**



**વેચવાનું છે**
રતન નગર, પાટણ જૈન મંડળ (બોરીવલી)
525 કારપેટ, ચોથે માળે, વ્યાજબી ભાવે આપવાનું છે.
**કોન્ટેક્ટ : સંધ્યાબેન શાહ**
પાટણ જૈન મંડળ : એ-૨૩/૨૦, ચોથે માળે,
રતન નગર, દહીંસર (ઈ), મુંબઈ - ૪૦૦૦૬૮.
ADVT
**મો. : 9323911309 / 9892795901**



**AN A ALTERNATIVE OPTION TO AVOID DIALYSIS**
I was suffering from Kidney problems, in my Blood Report Shown Serum Creatinine level was 5.4 mg/dl which was very high, For this my doctor advised me for dialysis. So I approached Appropriate Diet Therapy Centre Nagpur and I was advised nutritional diet treatment. After this, Now my Blood Serum Creatinine Level is 1.2 mg/dl, Now I am physically fit because of Dr. S. Kumar Appropriate Diet Therapy Centre, Today I am absolutely fine living normal life.
**VIJAY KULKARNI - Age 68 MOB : 9321553554**
Regd. Office : 64, Bhavani Shankar Road, Vaibhav Building, Dadar (W), Mumbai - 28. Tel.: 022-2436 8201
• THANE : 9769183743
• KANDIVALI : 7506193906
Appropri-ate® DIET THERAPY CENTRE The Diet Solution® AN ISO 9001:2008 COMPANY
For Appointment Contact :
**093 72166486**
www.appropriatediettherapy.com
Email Id:alphacardio@yahoo.com
**Courtesy : Mahendrabhai Popatlal Shah**
**(Kumbhariya Pado) Tel : 23695389**
ADVT

# આપણે કેટલાં સ્વસ્થ છીએ એનો રિપોર્ટ તૈયાર કરે છે આ બાયોવેલ કૅમેરા

જ્યોતિષશાસ્ત્રમાં હાથની રેખાઓ જોઈને ભવિષ્ય ભાખવામાં આવે છે. આપણા ભવિષ્ય વિશે જ્યોતિષી આગાહી કરી શકે છે, પણ આપણા શરીરમાં ક્યારે કંઈ બીમારી આવી ટપકશે એ વિશે કોઈ છાતી ઠોકીને કહી ન શકે, જો કે આજના આધુનિક યુગમાં ટેક્નોલોજીની મદદથી ભવિષ્યની સાથે વર્તમાનની તંદુરસ્તીની આંશિક આગોતરી માહિતી મેળવવું શક્ય છે. આ ટેક્નોલોજી એટલે **બાયોવેલ કેમેરા.**

આજના ભાગદોડભર્યા જીવનમાં આપણે સતત તાણ અનુભવીએ છીએ. માનસિક તાણની અસર શરીર પર થાય છે. પરિણામે આપણે ગંભીર બીમારીમાં પટકાઈએ છીએ. તંદુરસ્ત રહેવા માટે અનેક નુસખા છે, પણ આજે આપણી પાસે સમય નથી એટલે આ નુસખા અજમાવી નથી શકતા. ગંભીર બીમારી આવી પડે ત્યારે મુશ્કેલીમાં મૂકાઈએ છીએ. આવી સ્થિતિમાં આપણા હાથમાં બીમારીની આગોતરી માહિતી આપે એવી કોઈ જડીબુટ્ટી હાથ લાગે તો કેવું ?

**આ જડીબુટ્ટી એટલે બાયોવેલ કૅમેરા,** જેના દ્વારા ઓરા ફોટોગ્રાફી કરી આપણા શરીરની ઍનેર્જી ઍનેલિસિસ થાય છે અને આપણું શરીર કેટલું તંદુરસ્ત છે એની આંશિક માહિતી મેળવી શકાય છે.

''જેમ આપણા શરીરનો ફોટો સાદા કૅમેરાથી પડે છે, બિલકુલ એવી જ રીતે બાયોવેલ કૅમેરા શરીરની અંદરની ઊર્જાનો એટલે કે શરીરના આભામંડળનો ફોટો ક્લિક કરે છે. આ કૅમેરાથી ઑરા ફોટોગ્રાફી આંગળીના ટેરવાથી થાય છે. કૅમેરાની લેન્સ પર આંગળીનાં ટેરવા વારાફરતી મુકીએ તો ઉર્જાની સાથે શરીરમાં કેટલી પોઝિટિવ અને નેગેટિવ પ્રવાહ વહે છે એની માહિતી મળે છે.''

આ માહિતીનો જેમ ઈસીજી કે બીજા રિપોર્ટ તૈયાર થાય છે એવો એક રિપોર્ટ બને છે. એ જોયા પછી આપણા શરીરમાં ભવિષ્યમાં કંઈ બીમારી આવવાની છે એની આંશિક આગોતરી જાણ થાય છે અને આપણને જ્યારે ખ્યાલ આવે કે આપણું હૃદય, ફેફસાં કે બીજા અવયવ નબળા પડ્યા છે તો સમયસર સારવાર કરાવીને આપણે મોટી માંદગીથી બચી શકીએ.

આ અદ્‌ભુત કૅમેરાની મદદથી તંદુરસ્તીની સાથે પહેરેલા આભૂષણ, પર્યાવરણની અસર, રંગ, ઘર કે ઑફિસમાં દિવાલ પર ટિંગાડેલી તસવીરોમાંથી વહેતી ઍનર્જી પોઝિટિવ છે કે નેગેટિવ એ જાણી શકાય છે. આનાથી આપણા વ્યવસાય, સ્વભાવમાં નફા નુકસાનની માહિતી મળે છે. જેમાં યોગ્ય ફેરફાર કરીને નેગેટીવમાંથી પોઝિટિવ વાતાવરણ પેદા કરી શકાય.

લોકોની તંદુરસ્તી અને વ્યવસાયની સલામતિ માટે અનેક સંસ્થાઓ દ્વારા રશિયાની આ ઉત્તમ ટેક્નોલોજીથી તૈયાર કરાયેલા બાયોવેલ કૅમેરાથી ઑરા ફોટોગ્રાફીના કેમ્પ યોજવામાં આવે છે. શરીર, મન અને વ્યવસાયમાં ખૂબ જ મદદરૂપ બને છે એથી આ ટેક્નોલોજીનો ભારતમાં ઘણા સમયથી ઉપયોગ થઈ રહ્યો છે. જો કે એના વિશે જોઈએ એટલી જાગરૂકતા નથી એટલે લોકોને એનો લાભ નથી મળી રહ્યો.

આ ફોટોગ્રાફીની મદદથી આપણે ભવિષ્યમાં થનારી બીમારીની આંશિક માહિતી મેળવીને સાવધ થઈ શકીએ અને અમૂલ્ય સમય અને રૂપિયા બચાવી શકીએ. આ સિવાય શરીર ઊર્જાના સમતોલ પ્રમાણથી ક્રોધ અને કાર્યક્ષમતા પર કાબૂ મેળવી ઉત્તમ પરિણામ મેળવી શકાય છે.

બાયોવેલ કૅમેરાનો ઉપયોગ શીખવા, ખરીદવા કે સેન્ટર શરૂ કરવા માગતા લોકોએ (૯૧)૯૮૨૧૦૫૫૨૧૬ નંબર પર સંપર્ક કરવો

❑ **ડૉ. જશવંતલાલ મણીલાલ શાહ**

**(આ અંગેની રૂબરૂમાં વધુ માહિતી માટે ટ્રેડફેરમાં તેમના સ્ટોલ નં. ૯ ઉપર પણ સંપર્ક સાધી શકશો.)**


**સંસ્કાર સાધના પ્રી-પ્રાયમરી સ્કુલ**

**બાલાજી કો-ઓપ. સો., નવઘર ક્રોસ રોડ, ભાયંદર (ઈ)**

છેલ્લા કેટલાંય વખતથી કાર્યરત આ શાળામાં ઘણા વિદ્યાર્થીઓ અભ્યાસ કરી તેમનું પાયાનું ઘડતર કરી રહ્યા છે. આ શાળામાં માત્ર **રૂા. ૧૦૦/- માસિક ફી** લઈ અભ્યાસ કરાવવામાં આવે છે.

**ખાસ ઓફર :** પાટણ સમાજના કોઈપણ વિદ્યાર્થીને આ શાળામાં જોડાવવું હશે તો **Free of Cost અભ્યાસ** કરાવવામાં આવશે.

**સંપર્ક: મહેન્દ્રભાઈ પોપટલાલ શાહ - 23695389 / 4196**

ADVT

**ફક્ત પાટણના જૈનો માટે**

**મરીનડ્રાઈવ પાટણ બિલ્ડીંગમાં જુના ભાડાના**

**૫૦૦ સ્કે.ફીટના ફ્લેટો વેચવાના છે, તે ઉપરાંત મરીનડ્રાઈવ ચર્ચગેટમાં ૧-૨-૩ બેડરૂમના ફ્લેટ ઓનરશીપમાં મળશે.**

**ભરતભાઈ મંત્રી**

**૭૮/૨૯, મરીનડ્રાઈવ, ત્રીજે માળે, મુંબઈ - ૪૦૦૦૨૦**

Contect : 9322378035

ADVT

**PATOLA OF PATAN PVT. LTD**

(National Award Winner 1983-State Award Winner 2006)

Mfg. of Double Ikat Patola, Scarves, Borders, Dupattas, Tablecloth etc.

| Ashokbhai Salvi | Viral Salvi | Ujjaval Salvi | Nirmal Salvi |
| --- | --- | --- | --- |
| 09925233484 | 09925651695 | 09825448498 | 09898143484 |

Tel (91-2766) 232172 / 222182

Add: Patolawala Farm House, Out Side Fatipal Gate, Patan, (North Gujarat) - 384265 • visit us at : www.patolaofpatan.com

Email: viral@patolaofpatan.com • salvi.nirmal@gmail.com

ADVT

# 'PJ M ડિજિટલ મેચ મેકીંગ'

વિકસતા સમાજની યુવા પેઢીના વૈવાહિક સંબંધો કેળવવા માટે યોગ્ય ભૂમિકા બાંધવા મંડળ દ્વારા આ અગાઉ પરિચય મિલન સમારંભના આયોજન કરવામાં આવેલ પરંતુ દિન-પ્રતિદિન વધતા જતાં કૉમ્પ્યુટરનો વ્યાપ અને ડિજિટલ એપ્લીકેશનો વગેરેના વ્યવહારોને પરિણામે સંસ્થા દ્વારા પ્રથમ જ વખત **PJM ડિજિટલ મેચ મેકીંગનું** આયોજન કરવામાં આવેલ અને તે અંગેની માહિતી મેળવવા જુલાઈ માસના અંકમાં ઉમેદવારની માહિતી ફોર્મ છાપવામાં આવેલ, સાથોસાથ **QL Code** તેમજ **On line** પણ મુકવામાં આવેલ જેને સમાજના પરિવારો દ્વારા સુંદર પ્રતિસાદ આપવામાં આવેલ.

મંડળ પાસે સને ૨૦૧૩માં પ્રકાશીત થયેલ પરિવાર પરિચયમાં ૧૮ થી ૩૫ વર્ષના અપરિણિત યુવક-યુવતીઓની સંખ્યા લગભગ ૨૦૦૦ જેટલી તેમજ નિમિત પુસ્તિકામાં ૧૦૦૦ રહેવા પામે છે.

સંસ્થાના આ ડિજિટલ મેચ મેકીંગ કાર્યક્રમને સફળ બનાવવા આપ સૌ પરિવારનો તેમજ યુવક-યુવતીઓએ સંકોચ કે ક્ષોભ છોડી તેની પૂર્ણ માહિતી ભરીને મંડળમાં મોકલવા આગ્રહભરી વિનંતી કરવામાં આવે છે. દરેક ઉમેદવારને એક જુદો કોડ આપવામાં આવશે. અત્રે આ કોડ કોમ્પ્યુટર જનરેટેડ હશે.

અત્રે ખાસ ધ્યાન દોરવાનું કે આ સઘળી **માહિતી પૂર્ણ ગોપનીય (ખાનગી)** રાખવામાં આવશે તેથી આપની પસંદ - ના પસંદ જીવનસાથીની ઉંમર, અભ્યાસ, ઉંચાઈ, શોખ ઈત્યાદિ અંગે વધુમાં વધુ સ્પષ્ટતાથી લખવા વિનંતી છે. આપની માહિતીના આધારે મંડળ દ્વારા ખાસ તૈયાર કરવામાં આવેલ મેચીંગ ડેટા, પ્રોગ્રામ મારફત આપના યોગ્ય જીવન સાથીના પસંદગીના પર્યાઓ મેળવી શકાશે અને આપણે ૧૦મી સપ્ટેમ્બરના દિને યોજેલ ટ્રેડફેરમાં રાખવામાં આવેલ મેચ મેકીંગ સ્ટોલ નં. ૧૩૯માંથી વધુમાં વધુ પાંચ પેરેન્ટ્સોના માત્ર ટેલીફોન નંબરની માહિતી આપવામાં આવશે જેની નોંધ લેશો.

**આ માહિતી મેળવવા આપને ઓનલાઈન રજિસ્ટર થવું ફરજિયાત રહેશે** અને આપના પરિવારજનો ઈચ્છશે તો ટ્રેડફેર ખાતે ખાસ ફાળવેલ અન્ય સ્થળે ઉમેદવારો સાથે મીટીંગનું પણ શક્ય હોય તો આયોજન કરી આપવાની વ્યવસ્થા વિચારેલ છે.

**ખાસ નોંધ :** (૧) આ અંગેની કોઈ જ બુક કે લીસ્ટ પ્રીન્ટ કરવામાં આવશે નહીં. (૨) મેચ મેકીંગ માત્ર કોમ્પ્યુટર ડેટાના આધારે જ કરાશે. (૩) પસંદગી માટે કોઈ ઉમેદવારને સ્ટેજ ઉપર આવવાનું રહેશે નહીં. (૪) ટ્રેડફેર સમયે ફોર્મ ભરનાર કેન્ડીડેટને સ્ટોલ ઉપર કોઈ માહિતી આપી શકાશે નહીં.

**Candidates who register with PJM are assured that the data will be kept confidential.**

A Special code will be assigned to each candidate by the computer on the guidelines of AGE, Health, Education preference of the spouse of Education, working, etc.

All registered candidates will be given Brief Matching Data like Name, Fathers Name & Contact details Spouse Code & date & time of Birth.

Parents of the candidates can then get in touch with spouse's parents after receiving list on 10th Sept at PJM Stall No. 139

PJM will provide meeting place at the venue to the registered candidate only on request by parents and availability.

Please note since no list or book is published we expect more candidates Registration.

Please be informed that Registration data is kept confidential and only matching data of the spouses will be given to registered candidate's parents.

So, the first point of contact will remain the parents of candidate and spouse.


## શ્રી પાટણ જૈન પંચાયત ફંડ સંચાલિત શેઠાણી હિરાલક્ષ્મી પુનમચંદ કોટાવાળા જૈન ભોજનશાળા

ટાંગડિયા વાડો, પાટણ-ફોન : ૦૨૭૬૬-૨૨૫૮૫૩

### નૂતન સહાય યોજના

**મુખ્ય આધાર સ્થંભ : રૂા. ૩,૧૧,૦૦૦/- • સહાયક આધાર સ્થંભ : રૂા. ૧,૧૧,૦૦૦/-**

**કાયમી તિથિ: રૂા. ૩૧,૦૦૦/- • દાતા ફોટો યોજના : રૂા. ૩૧,૦૦૦/-** રકમ આપનાર દાતાનો ફોટો ભોજનશાળા હૉલમાં મૂકવામાં આવશે.

**વાર્ષિક ચતુર્વિધ સંઘ ભક્તિ સહાયક યોજના : રૂા. ૨,૫૦૦/-** ચતુર્વિધ સંઘ ભક્તિનો એક દિવસની તિથિનો લાભ મેળવી શકો છો.

**તિથિના દિવસે બોર્ડ પર લાભાર્થીના નામ લખવામાં આવશે.**

**આ સંસ્થાને અપાતું દાન ૮૦-જી અનુસાર કરવેરામાં રાહતને પાત્ર છે**

સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એટલે કે ચતુર્વિધ સંઘ જૈની ગણના જૈનશાસ્ત્રમાં પચ્ચીસમાં તીર્થંકરની બરાબર કરવામા આવેલ છે. એ ચતુર્વિધ સંઘની ભક્તિનું ઉત્કૃષ્ટ કાર્ય આપણા વડીલોએ સ્થાપેલ પાટણની આ ગૌરવવંતી સંસ્થા છેલ્લા ૧૧૦ વર્ષથી કરતી આવી છે. આપશ્રી પણ આપની ભાવના અનુસાર ઉપરોક્ત કોઈપણ યોજનામાં સહયોગ આપી સમાજસેવાનું અતિ ઉત્કૃષ્ટ કાર્ય કરી શકો છો.

**વધુ વિગત માટે સંપર્ક : શ્રી મહેન્દ્રભાઈ કસ્તુરચંદ શાહ - મો. ૯૮૨૧૦૧૨૫૧૮**

**• સૌજન્ય : મે. પ્રદીપકુમાર ફાર્મા પ્રા. લિ. તથા મે. કે. સેવંતીલાલ એન્ડ કાું., મુંબઈ •**

ADVT

## વિચિત્ર મનુષ્ય !!!

જ્યારે પૈસો ન હોય ત્યારે ઘેર બેઠાં શાકભાજી ખાય,
જ્યારે પૈસા હોય ત્યારે હોટલમાં જઈને એજ શાકભાજી ખાય...
જ્યારે પૈસો ન હોય ત્યારે સાઈકલ ચલાવે,
જ્યારે પૈસો હોય ત્યારે એજ સાઈકલ જીમમાં જઈને ચલાવે...
જ્યારે પૈસો ન હોય ત્યારે લગ્ન કરવા ઈચ્છે,
જ્યારે પૈસો હોય ત્યારે છૂટાછેડા લેવા ઈચ્છે...
જ્યારે પૈસા ન હોય ત્યારે રોજી રોટી કમાવા પગે ચાલે,
જ્યારે પૈસા હોય ત્યારે ચરબી ઘટાડવા પગે ચાલે...

❑ શ્રી અમીતાબેન મનોજકુમાર શાહ


ATRANGI
BY HARSHI SHAH

| Patan Jain Mandal Trade Fair | |
|---|---|
| Sahara Star | 10th Sept. |
| 10am - 7pm | Stall no.: 1 |

We at Atrangi, design and manufacture very unique pieces of wooden furniture. From lamps, coffee & dining tables to clocks, a variety of chairs, swings & a lot more. Some of these pieces will be on display at the PJM trade fair this year.

LAUNCH THEME
A mélange of Rani ki Vav of Patan & devanagari (hindi lipi)

It's not just furniture, it's art.

ADVT

atrangiart@gmail.com 99 3033 1681


## અભિનંદન

❑ લખિયારવાડાના શ્રીમતી કોમલ અને શ્રી આશિષ રાજેન્દ્રભાઈ શાહ (વર્લી)ના **સુપુત્ર ચિ. વિહીત,** કોમન લો એડમીશન ટેસ્ટ - ૨૦૧૭ **(CLAT)**ની પરીક્ષામાં સમગ્ર ભારતમાંથી ૪૭૦૦૦ વિદ્યાર્થીઓમાંથી **બીજા ક્રમાકે** તેમજ **મહારાષ્ટ્રમાંથી પ્રથમ ક્રમાંકે ઉર્તીણ** થયા તથા **ધોરણ ૧૨ ના અભ્યાસમાં 93.4%** મેળવી પરિવાર તથા સમાજનું ગૌરવ વધારેલ છે. તે બદલ હાર્દિક અભિનંદન.

**ચિ. વિહીત** ભવિષ્યમાં પણ શિક્ષણ તથા વ્યવસાય ક્ષેત્રે ઉચ્ચ કારકીર્દીનું ઘડત કરી નવા શિખરો સર કરે તેવી શુભેચ્છા.

## જળ પ્રલય

ફરી આવ્યો જુલાઈ માસ બનીને કાળ,
વરૂણ દેવે પુનઃ ધર્યુ સ્વરૂપ વિકરાળ.
બન્યો હવે શિકાર તેનો બનાસકાંઠા વિસ્તાર,
જ્યાં જુઓ ત્યાં બસ... જળ બંબાકાર....
તણાયા પશુ-પક્ષી, બની પરવશ ને લાચાર,
બેઘર બન્યા લુટાવીને સઘળું, કેટલાંય પરિવાર.
કોપ કુદરતનો નીરખી, ચુક્યું હૃદય ધબકાર,
હંફાવવા જળ હોનારતને, લંબાયા હાથ હજાર...
લઈ ભેખ સેવાનો, નિકળ્યા છોડી ઘરબાર,
બન્યા નિરાધારના આધાર લુછ્યા આંસુ ચોધાર.
વિફરે આભ ક્યારેક, વિફરે ધરા કે જળ ભંડાર,
કેમે કરી ઉગારવો રહ્યો આ નિર્દોષ જીવો તણો સંહાર...!!

❑ જ્ઞાનેશ જયચંદ લાપસીયા


|| શ્રી શાંતિનાથાય નમઃ ||
KKK કનાસા કલ્યાણ કેન્દ્ર KKK

શ્રી પાટણ જૈન મંડળના તૃતિય ટ્રેડફેરમાં રાખેલ સ્ટોલની અવશ્ય મુલાકાત લેશો. (Stall No. 7)

- જયણાપૂર્વક બનાવેલા વિવિધ ખાદ્યપદાર્થો KKK માંથી જ ખરીદવાનો આગ્રહ રાખો.
- KKK ના બનાવેલા સર્વે ખાદ્ય પદાર્થો સાધુ-સાધ્વીજીને વહોરાવવા યોગ્ય હોય છે.
- ખાખરા - શુદ્ધ ઘીના સફેદ ખાખરા, મીઠી-તીખી મુગડીના ખાખરા, જીરા-ચોળાફળી-બાજરીના ખાખરા, મસાલા-મેથીના ખાખરા.
- પાપડ - સાજીના ડબલ મરીના સફેદ પાપડ, કોરમાના લાલ પાપડ.
- મીઠાઈ - દેવડા, મગદળ, મોહનથાળ, ઘેસી લાડવા ❋ ઉપરાંત તીખી સેવ-બુંદી, શીંગની ચટણી, મેથીનો મસાલો.

શિયાળામાં મસાલા ખાખરા, સાલમપાક માટે સંપર્ક કરશો

સંપર્ક પાટણ : 09428664881 09687679158 ગોરેગાંવ :09699053690 08767121628 વિલેપાર્લા : 09920385597

"આપશ્રી જ્યારે પાટણ પધારો ત્યારે KKK ની અવશ્ય મુલાકાત લો."

ADVT

## સાભાર સ્વીકાર

**પાટણ શતાબ્દી ગૌરવ કોરપસ ફંડ**

૧૧,૦૦,૦૦૦/- શ્રીમતી કલ્પનાબેન નિરંજનભાઈ અમૃતલાલ શાહ (કપૂર મહેતાનો પાડો)

**મેડીકલ સહાય કોરપસ ફંડ તથા રીવોલ્વીંગ (એજ્યુકેશન) ફંડ**

૧૦,૦૦,૦૦૦/- પનાલાલ પૂનમચંદ ચેરીટેબલ ફંડ (ખજૂરીનો પાડો)

**શ્રીમતી શારદાબેન બાબુભાઈ કાળીદાસ શાહ ફેમીલી ફ્લોટર પ્રિમિયમ ફંડ**

૫,૦૦,૦૦૦/- શ્રીમતી શારદાબેન બાબુભાઈ કાળીદાસ શાહ પરિવાર (કનાસાનો પાડો) (કુલ જમા રૂા. ૮૩,૬૦,૦૦૦/-)

**આર્થિક સહાય ભેટ**

૩,૦૦,૦૦૦/- બા. સા. નાનકચંદજી પૂરણચંદજી ટ્રસ્ટ (ખજુરીનો પાડો)

**સમાજ ઉત્કર્ષ કોરપસ ફંડ**

૩,૦૦,૦૦૦/- શ્રીમતી કલ્પનાબેન નિરંજનભાઈ અમૃતલાલ શાહ (કપૂર મહેતાનો પાડો)

૨૫,૦૦૦/- શ્રી ભરતભાઈ લક્ષ્મીચંદ શાહ (કોકાનો પાડો) હ. શ્રીમતી રાગિણીબેન, શ્રી ચિરાગભાઈ તથા શ્રીમતી પૂજાબેન ચિરાગભાઈ શાહ

**મેડીકલ સહાય તથા વિકલાંગ ઉત્કર્ષ સહાય કોરપસ ફંડ**

૨,૫૦,૦૦૦/- શ્રી જીગરભાઈ ચંદ્રકાંતભાઈ શાહ તથા શ્રી કલ્પેશભાઈ ચંદ્રકાંતભાઈ શાહ (ઝવેરીવાડો) શ્રી લહેરચંદ જગજીવનદાસ શાહના શ્રેયાર્થે

**વૃદ્ધજન સહાય ભેટ**

૨,૦૦,૦૦૦/- બાબુ જીવણલાલ પનાલાલ ટ્રસ્ટ (ખજુરીનો પાડો)

**સિનિયર સીટીઝન તથા વિકલાંગ ઉત્કર્ષ સહાય કોરપસ ફંડ**

૧,૦૦,૦૦૦/- શ્રી શિરિષભાઈ મફતલાલ શાહ (પંચોટીનો પાડો)

**સિદ્ધહેમ જ્ઞાનપીઠ ભેટ**

૧,૨૫,૦૦૦/- શ્રી યશવંતભાઈ હરિલાલ ઝવેરી (સિદ્ધચક્રની પોળ) હ. શ્રી જનકભાઈ હરિલાલ ઝવેરી

૧,૦૦,૦૦૦/- શ્રીમતી કલ્પનાબેન નિરંજનભાઈ અમૃતલાલ શાહ (કપૂર મહેતાનો પાડો)

**શિક્ષણ સહાય ભેટ**

૧૧,૦૦૦/- શ્રી પંકજભાઈ સેવંતીલાલ શાહ (મણીયાતી પાડો) ચિ. કાંચી તથા ચિ. કૃપાબેનનું ગ્રેજ્યુએશન પૂર્ણ થયાની ખુશાલીમાં.

**વિકલાંગ ઉત્કર્ષ ભેટ**

૫,૦૦૦/- શ્રીમતી મંજુલાબેન મહેશભાઈ મણીયાર (ચોધરીની શેરી)

૫,૦૦૦/- શ્રીમતી સરલાબેન દેવેન્દ્રકુમાર શાહ સ્વ. વૈશાલીબેન વિદ્યુતભાઈ દેવેન્દ્રકુમાર શાહની પુણ્યતિથિ નિમિત્તે. (મારફતિયા મહેતાનો પાડો)

**હેલ્થકેર સાધન ભેટ**

૫,૦૦૦/- શ્રીમતી માણેકબેન કેકી બરજોરજી

## તપસ્યા અનુમોદના :

પર્વાધિરાજ પર્યુષણ પર્વ નિમિત્તે આપણા સમાજમાંથી અનેક ભાઈ-બહેનોએ કર્મની નિર્જરા કરનાર **નાનીમોટી તપશ્ચર્યા કરી હશે.** અઠ્ઠાઈ કે તેથી વધુ ઉપવાસ કરનાર ભાઈ-બહેનોએ પોતાના નામ, ઉંમર, રહેઠાણ વિસ્તાર, પાટણનો મહોલ્લો, તપનો પ્રકાર ઈત્યાદિ વિગતો **મોડામાં મોડી તા. ૧૫-૦૯-૨૦૧૭ સુધીમાં મંડળના કાર્યાલયમાં લેખીત મોકલવી.** મળેલ તપસ્વીની યાદી અનુકુળતાએ પ્રતિબિંબમાં પ્રકાશિત કરવાના પ્રયત્ન કરીશું, **ત્યારબાદ મળેલ વિગતો પ્રગટ કરવામાં આવશે નહીં.** જેની સર્વેએ નોંધ લેવા વિનંતી.

**ખુશખબર :** ચાલુ સાલે ચાતુર્માસ પ્રારંભ થયાથી પર્યુષણ પર્યંત જે તપસ્વી ભાઈ-બહેનોએ **માસક્ષમણ/સિદ્ધિતપની ઉગ્રતપશ્ચર્યા કરી હશે તેઓના ફોટા છાપવાનું નક્કી કરવામાં આવેલ છે,** તો તેવા તપસ્વીઓએ પોતાનો 'રંગીન ફોટો પાછળ નામ લખીને' મંડળના મુખ્ય કાર્યાલય ખાતે મોકલાવી આપવા.

❑ સંપાદક સમિતિ

## શ્રદ્ધાંજલિ

સમાજની નીચે જણાવેલ વ્યક્તિઓના દુઃખદ અવસાનની સખેદ નોંધ લઈ, તેઓના પરિવારના દુઃખમાં સહભાગી થઈ સંવેદનાની લાગણી વ્યક્ત કરીએ છીએ. પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતના આત્માઓને ચિરશાંતિ અર્પે એ જ પ્રાર્થના..

| જ્ઞાતિ | મહોલ્લો | સ્વર્ગસ્થનું નામ | વય | સ્થળ | તારીખ | તિથિ | |
|---|---|---|---|---|---|---|---|
| દશા શ્રીમાળી | કેશુશેઠનો પાડો | ચેતનભાઈ નવીનભાઈ ઝવેરી | ૫૯ | ઘાટકોપર | ૧૯-૦૭-૧૭ | અષાઢ વદ-૧૧ | *● |
| વિશા શ્રીમાળી | મણીયાતી પાડો | ચિત્રાબેન જમનાલાલ શાહ | ૭૪ | ભાયંદર | ૨૭-૦૭-૧૭ | શ્રાવણ સુદ-૦૪ | |
| સાંડેસરા | ભાભાનો પાડો | જીતેન્દ્રભાઈ સાકળચંદ સાંડેસરા | ૭૬ | બોરીવલી | ૨૯-૦૭-૧૭ | શ્રાવણ સુદ-૦૬ | |
| વિશા શ્રીમાળી | ડંકમહેતાનો પાડો | ઈન્દીરાબેન લલિતચંદ્ર કાપડિયા | ૮૫ | અમેરિકા | ૦૨-૦૮-૧૭ | શ્રાવણ સુદ-૧૦ | ** |
| વિશા શ્રીમાળી | વખતજીની શેરી | દામીનીબેન સુનીલભાઈ શાહ | ૬૦ | દહીંસર | ૦૩-૦૮-૧૭ | શ્રાવણ સુદ-૧૧ | |
| દશા શ્રીમાળી | શાંતિનાથની શેરી | ચંપકલાલ કેશવલાલ વીમાવાળા | ૯૩ | વાલકેશ્વર | ૦૫-૦૮-૧૭ | શ્રાવણ સુદ-૧૩ | |
| દશા શ્રીમાળી | પંચોટીનો પાડો | નીલાબેન ભગવાનદાસ શાહ | ૮૪ | અંધેરી | ૦૮-૦૮-૧૭ | શ્રાવણ વદ-૦૧ | * |
| વિશા શ્રીમાળી | ભાભાનો પાડો | નવીનભાઈ મણીલાલ શાહ | ૭૯ | વિલેપાર્લા | ૦૯-૦૮-૧૭ | શ્રાવણ વદ-૦૨ | |
| દશા પોરવાળ | વખારનો પાડો | હંસાબેન વિનોદભાઈ પરીખ | ૭૮ | અમદાવાદ | ૧૧-૦૮-૧૭ | શ્રાવણ વદ-૦૪ | |
| વિશા શ્રીમાળી | કનાસાનો પાડો | શશિકાંતભાઈ નેમચંદભાઈ ડીસાવાળા | ૮૨ | ગોરેગામ | ૧૩-૦૮-૧૭ | શ્રાવણ વદ-૦૬ | |

* ચક્ષુદાન કરેલ છે ✹ દેહદાન કરેલ છે ● ત્વચાદાન ✚ અંગદાન ** દેહદાન કરો અને કરાવો (યુવાનીમાં રક્તદાન, મૃત્યુબાદ ચક્ષુદાન)

# PRIDE OF PATAN

❑ Shree Patan Jain Mandal Proudly congratulates Dr. (Prof) Mrs. **VAIBHAVI ASHIK SONETHA** Daughter of Smt. Heenaben and Shri. Yatin Pratapchand Shah, Dhandherwado, Patan for receiving degree of **Ph.D. From Indian Institute of Technology Mumbai in April 2017** in Bio-Medical Engineering Branch.



VAIBHAVI

**SUBJECT :** STIMULATION & EVALUATION OF OCCLUSION DEVICES USED FOR TREATING CONGENITAL DEFECTS USING FINITE ELEMENT & COMPUTATIONAL FLUID DYNAMICS PACKAGE.

Mrs. Vaibhavi with an all throughout bright academic career is also winner of Ratan Tata Scholarship.

She has always whole heartedly supported and guided the Mandal's educational projects. We sincerely wish that she achieve all the success in her personal career and continue to achieve further goals in her educational field and also continue to contribute to Shree Patan Jain Mandal.

❑ **Priya Rajubhai Vrajlal Shah,** (Age 16) Daughter of Smt. Tejalben & Rajubhai V. Shah (Antwerp) Polni Sheri, Patan has been **Awarded The British School of Brussels Leslie Firman Award for English & Media 2017**



PRIYA

She is studying in 11th Standard and has received this award because she has demonstrated an impressive commitment to the Media Studies, achieving full (100%) marks for her practical coursework in advertising campaign (English & Media).

Shree Patan Jain Mandal Congratulates Priya for her achievement.

**Well done, Priya... !!**

## દુ:ખદ નિધન



શ્રી પાટણ જૈન મંડળના આજીવન સભાસદ અને સમાજના વડીલ ધર્મિષ્ટ **શ્રી ચંપકલાલ કેશવલાલ શાહ (વિમાવાળા)નું** શનિવાર, તા. ૫-૮-૨૦૧૭ના દિને ૯૩ વર્ષની જૈફ વયે થયેલ દુ:ખદ અવસાનની સખેદ નોંધ લેતાં મંડળ અને સમાજે દુ:ખની લાગણી અનુભવી.

જિન આજ્ઞા એમને શ્વાસ અને પ્રાણ સમાન હતી. પૂજ્ય ચંપકભાઈને નાનપણથી એમની માતાએ ધાર્મિક સંસ્કારનું સિંચન કર્યું હતું. એમના માતુશ્રી, બહેન, દીકરી તથા પૌત્ર મિતુલે દીક્ષા લીધેલ છે. આ પ્રમાણે કુટુંબમાં ૪ દીક્ષા થયેલ છે.

મુરબ્બી શ્રી ચંપકભાઈનું આખું જીવન ધર્મમય રહ્યું હતું અને તેઓના જીવનમાં ધર્મ રોમે રોમમાં વ્યાપેલો હતો. નાના બાળકો-બહેનો અને ભાઈઓ વધુમાં વધુ ધર્મનું જ્ઞાન મેળવે અને ધર્મ પ્રત્યે નિષ્ઠા કેળવે તે માટે વિવિધ પાઠશાળાઓમાં જુદી જુદી પરીક્ષાઓના આયોજનો કરતા હતા. સામાયિક વધુમાં વધુ થાય તે માટે સર્વને પ્રેરણા આપતા રહ્યા હતા, પ્રભુમય જીવન અને સેવા-પૂજા, દર્શન દૈનિક ક્રિયા ઉપરાંત પ્રભુ ભક્તિ અને સાધાર્મિક સેવા એમનો જીવન મંત્ર હતો.

આજ સુધી એકાસણા બેસણા કરતાં હતા. દરેક પર્યુષણમાં ૬૪ પ્રહરી પૌષધ અને તેમાં પણ લગભગ અઠ્ઠાઈ કરતાં. મરીનડ્રાઈવ સ્નાત્ર મંડળના પ્રમુખ હતા, મરીનડ્રાઈવ જૈન પાઠશાળાના ટ્રસ્ટી હતા. પાટણ ખેતરવસીનો પાડો શાંતિનાથની શેરીના ટ્રસ્ટી હતા. જૈન ધાર્મિક શિક્ષણ સંઘ મુંબઈના મંત્રી હતા. પંચાસર શ્રુત આરાધક મંડળના ફાઉન્ડર અને મેનેજીંગ ટ્રસ્ટી હતા. આ સંસ્થા તરફથી દર વર્ષે સાધર્મિકોને યાત્રા પ્રવાસ થતો હતો. શ્રી ચંપકભાઈને ત્રણ વર્ષ અગાઉ પંચાસર શ્રુત આરાધક મંડળે 'પાટણ રત્ન'નું બિરુદ આપ્યું હતું.

જયણા એમના જીવનમાં વણાયેલી હતી. પાટણમાં રહેલ બધા દેરાસરોના પુજારીઓનું સન્માન કરતા. પાટણના સાધાર્મિકોને અનાજ વિતરણના તેઓ પ્રણેતા હતા. તેમના ઘરે આવનાર જરૂરતમંદ સાધાર્મિકને ક્યારે પણ નિરાશ નથી કર્યા. જીવનભર ભગવાનની પૂજા દર્શન કર્યા પછી જ પાણી વાપરતા, યાત્રા પ્રવાસે જાય ત્યારે ભગવાનના દર્શન કરવા ત્યાંના સ્થાનિક કાર્યકરોનો સંપર્ક સાધી સ્ટેશને મુર્તિ લાવે ત્યારે દર્શન કરતાં.

શ્રી ચંપકભાઈના નિધનથી સંસ્થા અને સમાજને શ્રેષ્ઠીશ્રીની ખોટ પડેલ છે. પરિવારના મોભી એવા સદ્‌ગતશ્રીના નિધનથી કુટુંબીજનો પર આવી પડેલ દુ:ખમાં સહભાગી થઈ મંડળ સંવેદના વ્યક્ત કરે છે.

પ્રભુ સદ્‌ગતના આત્માને ચિર: શાંતિ અર્પે અને એમના ચિંધેલા ઉમદાકાર્યોને આગળ ચાલુ રાખવા સૌ કુટુંબીજનોને શક્તિ અર્પે એજ પ્રભુ પ્રાર્થના.

ૐ શાંતિ: શાંતિ: શાંતિ:

❑ **શ્રી પાટણ જૈન મંડળ**

Postal Regd. No. MCS / O84 / 2015-17 W.P.P. License No. MR/TECH/WPP-120/South /2017.
PATAN PRATIBIMB ● August 2017 ● PRICE Rs. 2/- ● Published on 20th of every month
● Posted at Patrika Chennel Sorting Office, Mumbai-400001 on 25th and 26th of every month

## પાટણ શતાબ્દિ ગૌરવ ફંડ

| દાતાશ્રીના નામ | મહોલ્લો | રૂપિયા |
|---|---|---|
| **રત્ન સ્થંભ** | | |
| સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ | કુંભારીયા પાડો | ૨૨ લાખ |
| શ્રી સેવંતીલાલ ભગવાનદાસ ઝવેરી | કનાસાનો પાડો | ૧૧ લાખ |
| શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ | સિદ્ધચક્રની પોળ | ૧૧ લાખ |
| શ્રી વિરેન્દ્રભાઈ પોપટલાલ શાહ | મલ્લાતનો પાડો | ૧૧ લાખ |
| શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહ | કનાસાનો પાડો | ૧૧ લાખ |
| શ્રી તુષારભાઈ પ્રવિણચંદ્ર શાહ | ઢંઢેરવાડો | ૧૧ લાખ |
| શ્રીમતી સુભદ્રાબેન રમણલાલ પોપટલાલ શાહ | કુંભારીયા પાડો | ૧૧ લાખ |
| શ્રી રવિભાઈ સેવંતીલાલ શાહ | ચિતારાની ખડકી | ૧૧ લાખ |
| શ્રી હેમંતભાઈ કાંતિલાલ શાહ | સાલવી વાડો | ૧૧ લાખ |
| શ્રી પ્રમોદભાઈ પ્રેમચંદ તેલીયાવાળા | મનમોહનજીની શેરી | ૧૧ લાખ |
| શ્રી નરેશભાઈ નવનિતલાલ શાહ | ભાભાનો પાડો | ૧૧ લાખ |
| શ્રી જે.કે. શાહ | ભાભાનો પાડો | ૧૧ લાખ |
| શ્રી હિતેનભાઈ પ્રવિણચંદ્ર શાહ | વખતજીની શેરી | ૧૧ લાખ |
| શ્રી અશોકભાઈ કીર્તિલાલ ઝવેરી | મણિયાતી પાડો | ૧૧ લાખ |
| બાબુ હર્ષ નરેન્દ્રકુમાર પનાલાલ | ખજુરીનો પાડો | ૧૧ લાખ |
| બાબુ અમીચંદ પનાલાલ આદીશ્વર જૈન ટેમ્પલ ટ્રસ્ટ | વાલકેશ્વર | ૧૧ લાખ |
| ડૉ. જશવંતલાલ મણિલાલ શાહ | ભાભાનો પાડો | ૧૧ લાખ |
| શ્રી મહેન્દ્રભાઈ પોપટલાલ શાહ | કુંભારીયાપાડો | ૧૧ લાખ |
| શ્રી કીર્તિલાલ બાલુભાઈ શાહ | કેશુશેઠનો પાડો | ૧૧ લાખ |
| શ્રીમતી કલ્પનાબેન નિરંજનભાઈ અમૃતલાલ શાહ | કપુર મહેતાનો પાડો | ૧૧ લાખ |
| **રજત સ્થંભ** | | |
| શ્રી પ્રદિપભાઈ લક્ષ્મીચંદ ઝવેરી | ખેતરપાળનો પાડો | ૫ લાખ |
| શ્રી રવિન્દ્રભાઈ મોહનલાલ શાહ | ખજુરીનો પાડો | ૫ લાખ |

### Programs for September 2017

| S No | Committee | Day | Date | Tithi | Time | Place | Program |
|---|---|---|---|---|---|---|---|
| 1 | Soc & Eco Upliftment | Sun | 10-Sept | Bhadarva V 5 | 10 am to 8 pm | Sahara Star, Vile Parle(E) | Trade Fair |

### Tentative Programs for Forthcoming Months

| S No | Committee | Day | Date | Tithi | Time | Place | Program |
|---|---|---|---|---|---|---|---|
| 2 | Sneh Sammelan | Sun | 29-Oct | Kartak S 9 | 4 pm to 7 pm | Garware Club | Program |

Printed & Published by CHANDRAVADAN SARABHAI SHAH on behalf of SHRI PATAN JAIN MANDAL and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industries, Dadaji Konddev Cross Road, Byculla, Mumbai-400027. And Published at 77, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai-400020.

**Editor : CHANDRAVADAN SARABHAI SHAH**

TO,